સ્વ. નરશીદાસ રતનશી દંતાણી, સ્વ. લીલાધર રતનશી દંતાણી તેમજ સકલ પિતૃઓના સ્મરણાર્થે તથા મોક્ષાર્થે પ્રવિણાબેન દંતાણી તથા ધવલ દંતાણી દ્વારા ગાંધીનગર જલારામ મંદિર સે-૨૯ ખાતે ભાગવત કથા જ્ઞાન યજ્ઞનો પ્રારંભ મુંજાલભાઈ દવે (મુંજ દેવ મહારાજ) દ્વારા કરવામાં આવ્યો છે. જેમાં ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગમાં ફુવારા શરૂ કરવા એજન્સીને કામ સોંપાયું

આગામી સપ્તાહના અંત સુધીમાં ફુવારા શરૂ થઈ જશે

ગાંધીનગર, તા. ૨

સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરમાં છેલ્લા બે વર્ષથી બંધ રહેલા રંગબેરંગી ફુવારા હવે ટુંકમાં શરૂ કરવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા એજન્સીને ફુવારાની જાળવણીનું કામ સોંપી દેવાયું છે. આગામી સપ્તાહના અંતમાં ડિસ્ટ્રીક્ટ શોપીંગમાં ફુવારાની રોનક નિખરશે.

શહેરના મુખ્ય સે. ૨૧ ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરના વિકાસ માટે વર્ષો પૂર્વે તંત્ર દ્વારા ફુવારા અને બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું હતું પરંતુ લોક જાગૃતિના અભાવે ફુવારાના સ્થળે ગંદકીના થર જામતા ટુંકા સમયમાં જ શોપીંગની આ રોનક છીનવાઈ ગઈ હતી. જ્યારે જાળવણીના અભાવે શોપીંગ વિસ્તારમાં સ્થિત બગીચામાં પણ ગંદકીના ઢગ ખડકાયા છે. મુલાકાતીઓના ઘસારાથી ઉભરાતા મુખ્ય શોપિંગ સેન્ટરમાં લાખોના ખર્ચે નિર્માણ કરાયેલી આ વ્યવસ્થા, સુવિધા અને આકર્ષણના બદલે ગંદકીનું કેન્દ્ર સ્થાન બનતા સ્થાનિક વેપારીઓનું મોં પણં કાયું છે. શોપીંગ વિસ્તારની રોનક નિકારવા તંત્ર કક્ષાએથી રંગબેરંગી ફુવારા પુનઃ ચાલુ કરવા પણ તંત્ર દ્વારા તૈયારી શરૂ કરી દેવાઈ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફાઉન્ટેઈન એરિયામાં વચાળે સ્થિત ફુવારાને શરૂ કરવા એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે. જ્યારે આગામી સપ્તાહના અંતે ફુવારા શરૂ થઈ જશે.

જિલ્લા પોલીસને ડ્રાઈવીંગની તાલીમ આપી સજ્જ કરાશે

મંજુર મહેકમ કરતા પણ ઓછા ડ્રાઈવર હોવાથી ઘટ પુરવા લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પોલીસતંત્રના મંજુર મહેકમમાં પોલીસ કર્મચારી-અધિકારીઓથી માંડીને ટ્રાફીક-મહિલા પોલીસ સહિત એમ.ટી. ડ્રાઈવરોની પણ ખુબ જ ઘટ છે. જો કે તાજેતરમાં થયેલી ભરતીઓમાં પોલીસ મહેકમ ભરાઈ જશે. પરંતુ ડ્રાઈવરની અછત તો રહેશે જ. આ ઘટને પુરવા માટે જિલ્લા પોલીસને ડ્રાઈવીંગ શિખવવામાં આવશે દરેક પોલીસને ડ્રાઈવીંગની તાલીમ આપી સ્વયં કાર-જીપ ચલાવી શકે તેમ સજ્જ કરી દેવામાં આવશે.

જિલ્લા પોલીસને શીખવવામાં આવેલી ૨૦ જેટલી પી.સી.આર. વાન એમ.ટી. ડ્રાઈવરોના અભાવે જ્યાં ને ત્યાં ઠોકાઈ રહી છે કેમ કે ડ્રાઈવર ન હોવાથી કોઈ પણ લોકરક્ષકને વીસીઆર વાન ચલાવવા આપી દેવાય છે. હવે જ્યાં સુધી એમ.ટી. શાખામાં ડ્રાઈવરોની ભરતી થાય તેની રાહ જોવી તેના કરતાં જિલ્લા પોલીસને જ ડ્રાઈવીંગ શિખવાડી દેવુ યોગ્ય સમજી જિલ્લાની પોલીસને ડ્રાઈવીંગ શિખવાડવા તાલીમ આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લાના દરેક પોલીસ કર્મચારી-અધિકારીને ડ્રાઈવીંગની તાલીમ આપવામાં આવશે અને પોતે વાહન ચલાવી શકે તે રીતે સજ્જ કરવામાં આવશે.

કૈલાસ માનસરોવર યાત્રા-૨૦૧૩નો સિલેક્શન ડ્રો યોજાયો

ગાંધીનગર, તા. ૨

કૈલાસ માનસરોવર સેવા સમિતિ, ગાંધીનગરના પ્રમુખ કૃષ્ણકુમાર રાણાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ભારત સરકાર દ્વારા યોજવામાં આવેલ કૈલાસ માનસરોવર યાત્રામાં જેમણે ફોર્મ ભર્યા હોય તેઓનો સિલેક્શન ડ્રો તાજેતરમાં યોજાઈ ગયો છે. ડ્રોના નામ તથા વધુ જાણકારી કે માર્ગદર્શન માટે ગાંધીનગર સ્થિત કૈલાસ માનસરોવર સેવા સમિતિના હોદ્દેદારો ક્રિષ્ણકુમાર મો. નં. ૯૪૨૭૪૧૯૦૧૨ અથવા વિપીનભાઈ પંડ્યા મો. નં. ૯૪૨૬૬૧૪૯૧૨નો સંપર્ક કરવો.

વાવોલમાં રોડનું અધુરૂ કામ ફરી ચાલુ કરાતા રહીશોમાં આનંદની લાગણી

વાવોલ, તા. ૨

વાવોલથી ઉવારસદ થઈને એસ.જી. હાઈવેને જોડતા નવીન રોડનું શાલીન ફ્લેટ ધી ચંદ્રલોક સોસાયટી સુધીના ટુકડાને આરએન્ડબી દ્વારા છેલ્લા કેટલાય સમયથી બાકી રાખી યેનકેન બહાને કામને ખોરંભે ચડાવેલ હતુ. વારંવાર રજુઆતોને અંતે ગઈકાલથી આ બાકી રહેલા રોડનું નવીનીકરણનું કામ ફરીથી ચાલુ કરતા આસપાસના રહીશોમાં આનંદ સાથે રાહતની લાગણી પ્રસરી રહી છે.

'ક' રોડના એક્ટેન્શન રોડ તરીકે ઓળખાતા આ રોડ પર ઈલેક્ટ્રોનીક જીઆઈડીસીથી વાવોલ અને ઉવારસદ થઈને એસજી હાઈવેને જોડતા આ રોડ પર હેવિ લોડેડ વેહીકલ્સનો ટ્રાફીક ડાયવર્ટ કરવામાં આવ્યો છે.

છેલ્લા ચોમાસા પછી બદતર બનેલા આ રોડનું નવીનીકરણ હાથ ધરાયું હતું પરંતુ શાલીન-૪ ફ્લેટથી ચંદ્રલોક સોસાયટી સુધીના ટુકડાને છોડીને સમગ્ર રોડનું કામ સંપૂર્ણ પુરૂ થયા બાદ આ બાકી કામને ગુડાની ડ્રેનેજ લાઈન બાકી હોવાના તેમજ અન્ય બહાના હેઠળ કેટલાય સમયથી ખોરંભે ચડાવેલ હતુ. હેવી ટ્રકોના ટ્રાફિકને કારણે રોડની બંને સાઈડની સોસાયટીઓમાં ધૂળની ડમરીઓએ રહેવાશીઓની પરેશાનીઓમાં વધારો કરી મૂકેલ હતો. જેની વારંવાર રજૂઆતો કરવામાં આવી હતી. આખરે છ એક માસથી હેરાનગતિ બાદ આરએન્ડબી દ્વારા કામ ફરીથી ચાલુ કરતા રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આવનારા ચોમાસાની મુશ્કેલીઓમાંથી ઉગરી જવાના એંધાણ મળતા સોસાયટીવાસીઓમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે.

મેનેજેર તેમજ અન્ય કર્મીઓને ગ્રાહકને ગંભીર રીતે માર માર્યો

અમદાવાદ, તા. ૨

ટાટા ડોકોમો કંપનીના મેનેજર, એક્ઝિક્યુટીવ તેમજ સિક્યુરીટી ગાર્ડ કાર્ડ બંધ કરાવવા આવેલા એક યુવક પર ઉશ્કેરાઈ જઈ તેને મારમાર્યો હતો તેમજ જાનલેવા હુમલો કર્યોહતો. ગંભીર રીતેઈજાગ્રસ્ત યુવકનેતાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સેટેલાઈટ પોલીસે ગુનોનોંધી મેનેજર તેમજ એક્ઝિક્યુટીવની ધરપકડ કરી હતી અને ફરાર સિક્યોરીટી ગાર્ડને ઝડપવા તજવીજ હાથ ધરી છે. ઘટનાની મળતી માહિતી મુજબ સાણંદ તાલુકાના મોડાસર ગામે રહેતા વનરાજસિંહ જગમાલસિંહ સોલંકી (ઉ.૩૪) મંગળવારે સાંજે શિવરંજની ચાર રસ્તા પાસેઆવેલા સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષમાં આવેલી ટાટા ડોકોમોની કંપનીની ઓફિસે ગયા હતા. વનરાજ સિંહે પોતાનું પ્રીપેઈડ જણાવ્યું હતું. પ્રશાંતે વનરાજસિંહને કાર્ડ અમારા ત્યાંથી બંધ નહીં થાય બંધ કરવું હોય તો કાર્ડ તોડી નાખો તેમ જણાવ્યું હતુંઆથી વનરાજ સિંહે લેખિતમાં આપવાનું જણાવતાં કંપનીનો ઉશ્કેરાઈ ગયો હતો અને અપશબ્દો બોલી ધક્કામારી ઓફિસની બહાર કાઢ્યા હતા.

સે-૨ વિકાસથી વંચિત સ્થાનિક રહીશોમાં આક્રોશ

શહેરી બસ સેવાનો અભાવ, માધ્યમિક શાળા શરૂ કરવાની વાત અભેરાઈ : બી અને સી ભાગમાં બગીચો નથી

ગાંધીનગર, તા.૨

એક દાયકાના અંતે પણ સે-૨ વિકાસ કામોથી વંચિત રહેતા સ્થાનિક રહીશોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. સેકટરવાસીઓને અનેક રજૂઆતો બાદ પણ શહેરી બસ સેવાનો લાભ મળતો નથી. જયારે સેકટરના બી અને સી ભાગમાં બગીચો પણ ન હોવાથી સિનિયર સિટીઝન અને બાળકોમાં નારાજગી પ્રવર્તી છે.

નવ વિકસિત વિસ્તારમાં સ્થિત સે-૨માં દાયકાના અંતે પણ જરુરી કામો હાથ ન ધરાતા સ્થાનિક નાગરિકોમાં આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરના સ્થાનિક અગ્રણી રાજેન્દ્ર પારેખ તેમજ નિરંજન ઓઝાએ આ અંગે રજૂઆતમાં જણાવ્યા અનુસાર શહેરી બસ સેવા શરુ થયા બાદ ત્રણ વર્ષના અંતે પણ સેકટરમાં સીટી બસ આવતી નથી જેના પરિણામે સેકટરવાસીઓએ સેકટર ટુ સેકટર જવા માટે વલખા મારવા પડે છે. સેકટરના બી અને સી ભાગમાં બગીચો ન બનતા વડીલવર્ગમાં પણ નારાજગી પ્રવર્તી છે. જયારે સેકટરમાં માધ્યમિક શાળા બનાવવાની યોજના લાંબા સમયથી ફાઈલમાં કેદ છે. આ મામલે પણ કોઈ નિર્ણય લેવાતો નથી. આ ઉપરાંત સેકટરમાં બેન્કનું એ.ટી.એમ. કેન્દ્ર શરુ કરવા તેમજ ઘ દોઢ પાસે પોસ્ટબોક્ષ મુકવા માટે પણ પ્રબળ માંગણી કરવામાં આવી છે. સ્થાનિક અગ્રણીઓએ નગરના ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા મનુભાઈ પટેલને પણ સેકટરના વિકાસમાં રસ લેવા રજૂઆત કરી છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨

જ્યોતિ મહિલા મંડળ અને સિવિલ હોસ્પિટલ સેક્ટર-૧૨ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ૧લી મે ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે કાનૂની શિક્ષણ શિબિર સફળતાપૂર્વક યોજાઈ હતી.

કાનૂની શિક્ષણ શિબિરમાં સિવિલ હોસ્પિટલના મહિલા ડોક્ટર્સ, નર્સ અને અન્ય મહિલા કર્મચારી બહેનો તેમજ નગરની બહેનો ખાસ જોડાઈ હતી. મહિલા કાનૂની શિક્ષણ શિબિરમાં મુખ્ય મહેમાન તરીકે સિવિલસર્જન ડૉ. ભરત પટેલ, અરૂણભાઈ બૂચ, એડિશનલ સિનિયર સિવિલ જજ પી.એન. દવે, એડિશનલ પૂર્વા દવે દ્વારા બહેનોને આજના સમયને અનુરૂપ ઘરેલું હિંસા, નોકરીના સ્થળે જાતીય સતામણી તેમજ ભરણપોષણના કાયદા અંગે માર્ગદર્શન પુરૂ પડાયું હતું. આ પ્રસંગે લતાબેન ચોકસીએ સ્વાગત પ્રવચન અને ડૉ. દેવાંગ શાહે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું. વિશાળ સંખ્યામાં મહિલા કર્મચારી અને નગરની બહેનો ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમને સફળ બનાવવા આર.એમ.ઓ. દક્ષાબેન પંડ્યા, પુષ્પાબેન મહેતા, શાંતાબેન શ્રીમાળી અને સ્વાતિબા રાઓલે ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમને અંતે કુ. ચેતના બૂચે આભારવિધિ કરી હતી.

આજે ચિલ્ડ્રન યુનિવર્સિટીના ઉપક્રમે સર્વાંગી તાલીમનો સમાપન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨

ચિલ્ડ્રન યુનિવર્સિટીનાં શિશુ વિહાર વિદ્યાનિકેતન કેન્દ્રના ઉપક્રમે યોજાયેલી બીજી સર્વાંગી તાલીમનું સમાપન આજે તા. ૩જી મે ૨૦૧૩ના રોજ યોજાશે. આ પ્રસંગે બહેરા મુંગા શાળાના ટ્રસ્ટી આનંદભાઈ શાહ અને શિહોર ગ્રામ પચાયતનાં સરપંચ મુકેશભાઈ તથા ચિલ્ડ્રન યુનિવર્સિટીના પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહેશે.

શિશુ વિહાર ખાતે ૯મીથી આરંભાયેલી જીવન શિક્ષણ તાલીમ વર્ગમાં ચિત્ર, યોગ, હસ્તકલા, ફેશન ડિઝાઈન પ્રકારનાં વિવિધ ૨૨ કૌશલ્યમાં ૭૬૪ બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉર આશા ઝવેરી ફાઉન્ડેશનનાં સહયોગથી યોજાતા પ્રવૃત્તિ શિક્ષણની શૃંખલા શિશુવિહારે ૧૯૪૦થી નિભાવી છે. એટલું જ નહીં પણ શાળાકીય શિક્ષણની પરે એવા અનેક વિષયોને આવરી યુવકોને તાલીમ આપવામાં આવી રહી છે.

દહેગામ નાંદોલ આર.સી.સી. રોડમાં વ્યાપક ભ્રષ્ટાચાર

દહેગામ, તા. ૨

દહેગામ શહેરમાં એમ.જી. અમીત કોમ્પલેક્ષથી નાંદોલ રેલવે ફાટક સુધીનો નવીન આર.સી.સી. રોડ છ મહિનામાં જ ગુણવત્તા વગરના રેડીમેડ કામના કારણે તુટી જતાં આ કામમાં મોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની પ્રતિતિ થઈ રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં નાંદોલ તરફનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર અને ભંગાર હાલતમાં પડી રહ્યો હતો. ઘણી તકલીફોના અંતે આ માર્ગ પર છ માસના સમયગાળા દરમ્યાન ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગના પાટનગર યોજના માધ્યમથી લાખ્ખો રૂપિયાના ખર્ચે આ રોડ આરસીસી બનાવવામાં આવ્યો હતો. આ રોડમાં કોન્ટ્રાક્ટર અને જે અધિકારીઓ દ્વારા ભારોભાર ભ્રષ્ટાચાર આચરી ક્રીકીંટ, સિમેન્ટ, રેતી વિગેરે માલ સામાન ગુણવત્તા વિહિન વાપરવામાં આવતા ટુંક સમયગાળામાં જ આ રોડની મધ્ય મોટુ ગાબડુ પડી જતાં ઉપર ડામરનું

થીંધ્ધું મારવાની જરૂર ઉભી થતાં કામ ગુણવત્તા વિહિન રેડીમેડ થયું હોવાની ચાડી ખાય છે. ઉપરોક્ત કામગીરીમાં કોન્ટ્રાક્ટર દ્વારા બેફામ તકલાદી કામ પાછળ નગરપાલિકાના અધિકારીઓ અને સેવકો પણ ભીનુ સંકેલી બોગસ કામના લાખ્ખો રૂપિયા ઉપાડી લેવામાં આવ્યા છે. જ્યારે આ રોડની નીચે નાંખવામાં આવેલી ગટરલાઈનનો પણ બિન ઉપયોગી ખર્ચ થયો હોવાની ભીતી સેવાઈ રહી છે. નગરજનોની ચર્ચા મુજબ અહીં નાંખવામાં આવેલ ગટરના તોતિંગ ભુંગડા વડે રેલવે તરફ કે હાઈવે તરફ ક્યાંય વરસાદી પાણીના નિકાલ માટેની વ્યવસ્થા ન

હોય ચોમાસામાં આ ગટરલાઈનો ભરાવાથી ઉભરાઈ જાય છે અને પાણીનો યોગ્ય નિકાલ ન થવાના કારણે આ વિસ્તાર ચોમાસામાં પાણીથી ડુબવા લાગે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. આ આર.સી.સી. રોડ અને ગટરલાઈનની મોટી ખાયકીમાં ગાંધી વૈદ્યના મજીપારા ધંધાની સાંઠગાંઠ થતાં સરકારના લાખ્ખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો હોવાથી જે તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરાવવામાં આવે તો સરકારના રૂપિયાનો યથાર્થ ઉપયોગ થાય તેવું આમ જનતા ઈચ્છી રહી છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૪

સૂર્યાસ્ત : ૬.૫૭

તાપમાન

મહત્તમ : ૪૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૨ ટકા ● સાંજે ૧૯ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૯.૪૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૨૫

છોટા ભીમ : ૧૨.૩૦, ૫.૩૦

: સ્ક્રીન-૨ :

આશકી-૨ : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦

બોમ્બે ટોકીસ : ૧૨.૧૫, ૫.૩૦, ૧૦.૩૫

: સ્ક્રીન-૩ :

શૂટઆઉટ એટ વડાલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

શૂટઆઉટ એટ વડાલા : ૯.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦,

આશીકી-૨ : ૧૨.૦૦

સૂર્યા, વાવોલ

શૂટઆઉટ એટ વડાલા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીત ઝૂકે નહીં સાથ છૂટે નહીં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બોમ્બે ટોકીઝ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આઈરોન મેન-૩ : ૧૦.૩૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

શૂટ આઉટ એટ વડાલા : ૧૦.૧૫, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦, ૯.૦૦

વિરાગ, કલોલ

ગોરી મેં તો દિલથી બાંધી છે પ્રીત : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : દૂરદર્શિતા તેમજ બુદ્ધચાતુર્યથી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

વૃષભ : વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

મિથુન : પ્રસન્નતા અને આશાજનક વાતાવરણને કારણે પ્રયાસ સાર્થક થશે. સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

કર્ક : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

સિંહ : તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થશે. સ્થાયી સંપતિની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાની સંભાવના છે. આર્થિક લાભના સ્ત્રોતોથી સંબંધી સમસ્યાઓ છતાં કાર્ય થઈ શકશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

તુલા : કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થશે. પ્રતિસ્પર્ધામાં વિજય થશે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

વૃશ્ચિક : દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

ધન : અટકેલા કાર્ય સમય પર પૂરા થશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ થશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે.

મકર : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

કુંભ : કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે. સંત સમાગતમ થશે. મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે.

મીન : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. કિશોરકુમાર છનાભાઈ ચોક્સી (ઉ.વ. ૫૫) મુ.પો. પાલજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. કાશીબેન શંકરભાઈ ગુર્જર (ઉ.વ. ૭૫) મુ.પો. સરગાસણ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ભાવનાબેન વિજયકુમાર પરીખ (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૧૦૬૮/૧, સેક્ટર-૧૩/સી, ગાંધીનગર.
- સ્વ. પૂજાજી જીવાજી વાઘેલા (ઉ.વ. ૮૨) મુ.પો. પિંપળજ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. નિરૂબેન ભરતકુમાર પુરોહિત (ઉ.વ. ૫૮) પ્લોટ નં. ૨૦, પ્રાથમિકશાળાની પાછળ, સેક્ટર-૨૦, ગાંધીનગર.
- સ્વ. શારદાબેન ગોગાજી ઠાકોર (ઉ.વ. ૫૫) મુ.પો. જેઠીપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રામજીભાઈ ભૂરાભાઈ દેસાઈ (ઉ.વ. ૫૦) મુ.પો. ધરમપુરા (ભૂંડિયા), તા., જિ. ગાંધીનગર.